# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

## પુનઃમૂલ્યાંકન અંગેની સૂચનાઓ

૧. તા.૦૧/૦૫/૨૦૨૦ અને ત્યારબાદ જાહેર થયેલ પરિણામો માટે નિર્ધારીત સમય-મર્યાદામાં ફી સાથે વિદ્યાર્થીએ ઓરીજનલ માર્કશીટ મળવાની રાહ જોયા વિના પુનઃમૂલ્યાંકન ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. વિદ્યાર્થી કેટલા વિષયમાં પુનઃમૂલ્યાંકન કરાવી શકે છે, તેની વિગત પરિપત્ર નં.૪૨૬ તા.-૦૧/૦૫/૨૦૨૦ માં જણાવેલ છે. નિર્ધારિત ફી ભરેલ હશે તોજ ફોર્મ માન્ય રહેશે

૨. વિદ્યાર્થીએ નિયત કરેલ ઓનલાઈન અરજીપત્રક, જરૂરી વિગતો સાથે સંપૂર્ણ ભરીને સબંધિત પરીક્ષાનું પરિણામ ઓનલાઇન જાહેર કર્યાની તારીખથી સળંગ ૧૦ દિવસોમાં રેગ્યુલર ફી સાથે ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે.

૩. પુનઃમૂલ્યાંકન માટે વિષયદીઠ / પ્રશ્નપત્ર દીઠ ફી રૂા.૩૦૦/- રહેશે.

૪. **C.B.C.S.** અને Non **C.B.C.S.** અભ્યાસક્રમોનાં રી-ચેકીંગ અંગેનાં ફોર્મ પેપર રી-ચેકિંગની રૂ/-૨૫ ફી સાથે સંબંધિત કોલેજ / સંસ્થા મારફત પરીક્ષાનું પરિણામ જાહેર થયાના ૧૦ દિવસમાં યુનિવર્સિટીમાં જમા કરવાન રહેશે. જે પેપરમાં પુનઃમૂલ્યાંકન કરાવેલ હોય તે પેપરમાં રી-ચેકીંગ ફોર્મ ભરવાનું રહેતું નથી.

૫. પુનઃમૂલ્યાંકન કરાવેલ વિદ્યાર્થીઓનાં પરિણામમાં **Fail To Pass** અને વર્ગમાં સુધારો થતો હોય. તેવાં વિદ્યાર્થીઓએ પુનઃમૂલ્યાંકન પરિણામ ઓનલાઈન જાહેર થયાંનાં ૦૧ માસનાં સમય મર્યાદામાં ફી રીફંડ કરવાં અંગેની અરજી પરીક્ષા વિભાગને પહોંચાડવાની રહેશે. સમય મર્યાદામાં ન આવેલ અરજીને ધ્યાને લેવામાં નહિ આવે અને તેમજ તે અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ.

૬. પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ફીની રકમ ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકાશે નહિ.

૭. અધૂરી અને ખોટી વિગત ભરેલી ઓનલાઈન અરજીઓ, નિયત ફી સિવાયની અપૂર્ણ કે CBCS અભ્યાસક્રમો માટેની ઓફ લાઈન અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહિ, અને તે અંગે પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

૮. આંતરિક ગુણાંકન, **M.C.Q.**, પ્રેક્ટિકલ, વાઈવા,ડીઝર્ટેશન, ટર્મવર્ક, સેમિનાર, પ્રોજેક્ટ-વર્ક વગેરેની કોઈપણ પરીક્ષાની પુનઃમૂલ્યાંકન માટેની અરજી સ્વીકારી શકાશે નહિ.

૦૯. નિર્ધારીત કરતાં વધારે પેપરની ફી ભરવી નહિ. તથા નિયમ મુજબ એક કરતા વધારે પેપરનું પુનઃમૂલ્યાંકન કરવાનું થતું હોય તો તે માટે એક જ ફોર્મ ભરવાનું રહેશે.

૧૦. જે પરીક્ષાનું પરિણામ નીચલી પરીક્ષા પસાર કરેલ ન હોવાને કારણે ઓ. ૧૫૬ મુજબ અટકાવવા **(WithheldO.156)** માં આવ્યું હોય તેવા પરીક્ષાર્થીઓ પણ જો પુનઃમૂલ્યાંકન કરવા ઇચ્છતાં હોય તો તેઓએ પણ નિયત સમયમર્યાદામાં જ અરજી કરવાની રહેશે.

૧૧. એક્ષટર્નલ કોર્સના વિદ્યાર્થીઓએ પરિપત્ર નં.૧૮૯૦ તા.૧૪/૦૭/૨૦૧૭ મુજબ ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.

૧૨. પુનઃમૂલ્યાંકનનાં પરીક્ષકે આપેલ ગુણ અને અસલ મૂલ્યાંકનનાં ગુણ વચ્ચેનો તફાવત જે તે પ્રશ્નપત્રનાં કુલ ગુણનાં ૮% કે તેથી વધુ હશે તો જ તે પ્રશ્નપત્રનાં ગુણમાં/પરિણામમાં ફેરફાર કરવામાં આવશે.તે બાબતની ખાસ નોંધ લેવી.

૧૩. જે પરીક્ષાર્થીએ પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી હોય તેણે પુનઃમૂલ્યાંકનનાં પરિણામ કે પ્રત્યુત્તરની રાહ જોયા વિના તેમના અસલ જાહેર થયેલા પરિણામ અનુસાર ઉપલી પરીક્ષાના વર્ગમાં પ્રવેશ મેળવવા કે અન્ય પ્રકારની અરજી કરવાની હોય કે આવેદનપત્ર ભરવાનું થતું હોય તો સમયમર્યાદામાં જે તે કાર્યવાહી કરી લેવાની રહેશે.

૧૪. પુનઃમૂલ્યાંકનના પરિણામને ઉપલા વર્ગમાં પ્રવેશ/ અન્ય પ્રવેશ/ નોકરીની અરજી.....વગેરેની તારીખ વીતવા સબંધિત બાબતો સાથે સાંકળી શકાશે નહી. અને તે માટે તેમજ અન્ય કોઈપણ પ્રકારના (નાણાં-સમય-તક) ક્લેઈમ કરી શકશે નહિ.

૧૫. વિદ્યાર્થીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની **C.B.C.S.** અભ્યાસક્રમોની પરીક્ષાનાં પુનઃમૂલ્યાંકન ફોર્મ, ફી, પરિણામ વગેરે માટે વેબસાઈટ **www.saurashtrauniversity.co.in/StudentLogin/frmDefaultForStudent.aspx** અને પુનઃમૂલ્યાંકન નિયમો, સુચનાઓ, પરિપત્ર વગેરે માટે વેબસાઈટ **www.saurashtrauniversity.co.in/master/result.aspx** અને **www.saurashtrauniversity.edu** નાં નિયમિત સંપર્કમાં રહેવું.

૧૬. વિદ્યાર્થીએ પોતાનાં **User Name (Enrollment Number)** અને **Password** દ્વારા પુનઃમૂલ્યાંકનનાં પરિણામની વિગત વેબસાઈટ મારફત મેળવવાની રહેશે. જો પુનઃમૂલ્યાંકન કરવાથી વિદ્યાર્થીનાં પરિણામમાં સુધારો ન થાય, તેવા કિસ્સામાં વિદ્યાર્થીને પત્રવ્યવહાર દ્વારા જાણ કરવામાં નહિ આવે. એટલે કે રી-એસેસમેન્ટ રીઝલ્ટ લેટર તેમણે પોતાનાં **Login** માંથી ડાઉનલોડ કરી લેવાનો રહેશે. જે વિદ્યાર્થીઓનું પરિણામ સુધરે તો તેવા કિસ્સામાં તેઓની માર્કશીટ તેમનાં કોલેજ / સંસ્થાનાં સરનામે મોકલવામાં આવશે.

૧૭. એક્ષટર્નલ કોર્સના વિદ્યાર્થીઓએ ફોર્મમાં પત્રવ્યવહારનું પૂરું સરનામું, મોબાઈલ નંબર વગેરે વિગતો ભરવાની રહેશે. અધુરા સરનામાંને કારણે માર્કશીટ પરત થશે, તો વિદ્યાર્થીની જવાબદારી ગણાશે.

૧૮. પુનઃમૂલ્યાંકનની અરજીની છેલ્લી તારીખ બાદ સામાન્ય પરીસ્થિતિમાં મેડીકલ ફેકલ્ટીનું પરિણામ આશરે ૩૦ દિવસમાં તથા તેનાં સિવાયનાં પરિણામો આશરે ૪૫ દિવસમાં જાહેર થશે.

ઉપર જણાવેલ નિયમો અને સૂચનાઓ સંબંધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય આખરી ગણાશે અને તે સંબધિત પરીક્ષાર્થીને બંધનકર્તા રહેશે.